# પ્રથમ લેખિત કસોટી-૨૦૧૫

તારીખ : ૨૬/૧૦/૨૦૧૫ ધોરણ-૮ સમય : ૧૧:૦૦ થી ૧૪:૦૦

વાર : સોમવાર વિષય : ગુજરાતી કુલ ગુણ : ૮૦

**વિદ્યાર્થીનું નામ :** ______________________ **બેઠક નંબર :** ______

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-૧ (અ) નીચે આપેલાં પ્રશ્નોના યોગ્ય વિકલ્પ પસંદ કરી જવાબ લખો.** (10)

(૧) 'એક જ દે ચિનગારી' કાવ્યનું સ્વરૂપ જણાવો.

(ક) ગરબી (ખ) ભજન (ગ) પ્રાર્થનાગીત

(૨) તણખો કયાં ન પડયો ?

(ક) જામગરી (ખ) સગડી (ગ) ચિનગારી

(૩) જુમો વેણુને ખવરાવવા રોજ શું ખરીદતો હતો ?

(ક) જુવાર (ખ) ગદબ (ગ) સૂકું ઘાસ

(૪) કવિ પડયા પછી શાને ટેકે બેઠા થાય છે ?

(ક) લાકડીના (ખ) બારણાના (ગ) માની મમતાના

(૫) કોઈપણ રાજયનું વડુમથક કયા નામે ઓળખાય છે ?

(ક) પાટનગર (ખ) ગાંધીનગર (ગ) સ્વચ્છનગર

(૬) ગુજરાત વિધાનસભા ગૃહનું નામ શું છે ?

(ક) ગાંધી ભવન (ખ) સરદાર ભવન (ગ) વિઠ્ઠલભાઈ પટેલ ભવન

(૭) કવિએ નોટ અને સિક્કા કયાં નાખવા કહ્યું છે ?

(ક) ઉકરડામાં (ખ) નદીમાં (ગ) તળાવમાં

(૮) લેખમાં અનાજ કોની માલિકીનું બતાવવામાં આવ્યું હતું ?

(ક) પ્રજાની (ખ) રાજાની (ગ) જગડુશાની

(૯) શેઠ જગડુશા કયાંના વતની હતા ?

(ક) કચ્છ (ખ) ગોંડલ (ગ) પાટણ

(૧૦) ગામડાની ધુળેટી જાણે ....

(ક) રંગોત્સવ (ખ) કાળો કોપ (ગ) ઘેરૈયાની મસ્તી

Scanned by CamScanner

(બ) નીચે આપેલ ધ્વનિઓને જોડી શબ્દ બનાવો. (કોઈપણ ચાર) (4)

(૧) ચ્ + ઈ + ન્ + અ + ગ્ + આ + ર્ + ઈ

(૨) મ્ + અ + હ્ + આ + ન્ + અ + લ્ + અ

(૩) સ્ + અ + મ્ + આ + જ્ + અ

(૪) વ્ + ઈ + સ્ + વ્ + આ + ન્ + અ + લ્ + અ

(૫) જ્ + આ + મ્ + અ + ગ્+ અ + ર + ઈ

(ક) નીચે આપેલા શબ્દોના સમાનાર્થી શબ્દો લખો. (ગમે તે બે) (2)

(૧) હુતાશણી (૨) ગમગીન (૩) રાંક

પ્રશ્ન-૨ (અ) નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ આપો. (ગમે તે ત્રણ) (9)

(૧) ગાંધીનગરને ગ્રીનસટી તરીકે કેમ ઓળખવામાં આવે છે ?

(૨) કવિ માની મમતા કેવા કેવા પ્રસંગે અનુભવે છે ?

(૩) વેણુનું મૃત્યુ કેવી રીતે થયું ?

(૪) લેખકે અધ્યયન માટે શી શી મુશ્કેલીઓ વેઠી ?

(બ) નીચે આપેલ વિભાગ 'અ' ને વિભાગ 'બ' સાથે યોગ્ય રીતે જોડો : (4)

| 'અ' | 'બ' |
|---|---|
| (૧) ધુળિયે મારગ | (ક) બોધ કથા |
| (૨) અઢી આના | (ખ) મનોહર ત્રિવેદી |
| (૩) તને ઓળખછું, મા | (ગ) મકરન્દ દવે |
| (૪) જુમો ભિસ્તી | (ઘ) જીવન પ્રસંગે |

(ક) નીચે આપેલા શબ્દોની સંધિ છૂટી પાડો.(ગમે તે ત્રણ) (3)

(૧) મહોદય (૨) ષડયંત્ર (૩) સપ્તર્ષિ (૪) રવીન્દ્ર

પ્રશ્ન-૩ (અ) નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ આપો. (ગમે તે ચાર) (8)

(૧) લેખક સુરપુરાથી સીધા કયાં જવાનું નક્કી કરે છે ?

(૨) જોષી કાળવાણી ઉચ્ચારતાં શા માટે ખચકાય છે ?

(૩) વેણુ રસ્તામાં ચરવાની શા માટે ના પાડી દેતો ?

(૪) કવિ પોતાની મહેનત એળે ગઈ છે તેવું કેમ કહે છે ?

(૫) ઘેરૈયાથી બચવા મહેમાને શું કર્યું ?

Scanned by CamScanner

**(બ) નીચે આપેલ શબ્દોને શબ્દકોશના ક્રમ મુજબ ગોઠવો.** (4)

પ્રભાત, વાદળ, સંતાન, સુહાગ, ક્ષત્રિય, આનંદ

**(ક) સૂચના મુજબ વાક્ય બનાવો. (ગમે તે બે)** (4)

(૧) જુમો પાડો ચરાવે છે. (કર્મણિવાક્ય)

(૨) દિયાથી રમત રમાઈ (કર્તરિવાક્ય)

(૩) રવિ રમે છે. (પ્રેરક વાક્ય)

**પ્રશ્ન-૪ (અ) નીચે આપેલ વિષયો પૈકી કોઈ એક વિષય પર નિબંધ લખો.** (8)

(૧) માતૃપ્રેમ (૨) અતિવૃષ્ટિ

(૩) જો પરીક્ષા ન હોત તો ?

**(બ) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો. (ગમે તે ત્રણ)** (6)

(૧) પેટનો ખાડો પૂરવો (૨) પ્રાણ નીકળી જવા

(૩) આંકડા માંડવા (૪) દી' ફરવો

**(ક) નીચે આપેલ શબ્દસમૂહ માટે એક શબ્દ આપો. (ગમે તે બે)** (2)

(૧) ગામની ભાગોળનો દરવાજો

(૨) વનમાં વૃક્ષોની લાંબી હાર

(૩) સમજવામાં થતી ભૂલ

**પ્રશ્ન-૫ (અ) નીચે આપેલા મુદ્દા પરથી વાર્તા લખી યોગ્ય શીર્ષક લખો.** (6)

એક રાજા – નગરચર્ચા કરવી – રસ્તા વચ્ચે પથ્થર – પથ્થર નીચે ચિઠ્ઠી અને સોના મહોર મૂકવી – ખેડૂતનું પસાર થવું – અથડાવું – બબડાટ કરી ચાલ્યા જવું – ઘોડાગાડી આવવી – અથડાવું – બબડાટ કરવો – દૂધવાળીનું આવવું – અથડાવું – બબડાટ – વિદ્યાર્થીનું અથડાવું – પથ્થર ખસેડવો – ચિઠ્ઠી-સોનામહોર મળવી – ચિઠ્ઠી વાંચવી – પથ્થર ખસેડવાનું ઈનામ –

અથવા

તમારી શાળામાં સ્વચ્છતા અભિયાનના થયેલ કાયક્રમોની જાણકારી આપતો પત્ર તમારા મિત્રને લખો.

Scanned by CamScanner

**(બ) નીચેની કાવ્યપંકિતની સમજૂતી આપો.** (4)

(૧) ''ઉપર વાળી બેંક ....................

................ કાલની વાતો કાલ.''

(૨) ''ખુલ્લા ખેતર ......................

............ કયાં આવો છે લાભ ?''

**(ક) નીચે આપેલા શબ્દજૂથનો ઉપયોગ કરી વાક્ય બનાવો. (ગમે તે બે)** (4)

(૧) દિવાળી, મિઠાઇ, તહેવાર

(૨) રાજા, પ્રજા, ઉત્સવ

(૩) ધુળેટી, કુંવર, મૃત્યુ

**(ડ) નીચેના શબ્દોની સાચી જોડણી (ગમે તે બે)** (2)

(૧) ગડબ (૨) લક્ષાધિપતી (૩) દોઢીયુ

*Best Of Luck*

Scanned by CamScanner